# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

****************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના ખેડૂતોના કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો**
2) **જીનીવામાં આયોજીત સંમેલનમાં ભારે ગરમીના જોખમનો સામનો કરવા માટે ભારતે વૈશ્વિક સહયોગની હાકલ કરી**
3) **છત્તીસગઢના બીજાપુરમાં વધુ બે નક્સલીઓ ઠાર, મોટા પ્રમાણમાં હથિયારો જપ્ત**
4) **વિશ્વબેંકના આંકડા અનુસાર ભારતે અત્યંત ગરીબી ઘટાડવામાં નોંધપાત્ર પ્રગતિ કરી**
5) **બલિદાનનો તહેવાર ઇદઉલ અઝહા દેશભરમાં ઉજવણી- રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રીએ લોકોને શુભકામના પાઠવી.**
6) **ફ્રેન્ચ ઓપન ટેનિસમાં, વિશ્વની નંબર 1 આર્યના સબાલેન્કાનો મહિલા સિંગલ્સ ટાઇટલ મૂકાબલામાં વિશ્વની નંબર 2 કોકો ગૌફ સામે આજે સાંજે મૂકાબલો**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM-FARMERS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના ખેડૂતોના કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે.

કેન્દ્રમાં NDA સરકારના 11 વર્ષ પૂર્ણ થવાનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ કહ્યું કે સરકાર માટે ગર્વની વાત છે કે, તેમણે આ કાર્યકાળ દરમિયાન દેશના મહેનતુ ખેડૂતોની સેવા કરી છે. શ્રી મોદીએ છેલ્લા 11 વર્ષમાં ખેડૂતોની સમૃદ્ધિ માટે સરકારના પ્રયાસોનો ઉલ્લેખ કર્યો જેણે કૃષિ ક્ષેત્રમાં મોટું પરિવર્તન સુનિશ્ચિત કર્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું, સરકારે ખેતી, આરોગ્ય અને સિંચાઈ જેવા મુદ્દાઓ પર વિશેષ ધ્યાન આપ્યું છે, જે ખૂબ જ ફાયદાકારક સાબિત થયા છે. શ્રી મોદીએ કહ્યું કે ખેડૂતોના કલ્યાણ માટે સરકારના પ્રયાસો આગામી સમયમાં વધુ મજબૂતી સાથે ચાલુ રહેશે.

. . . . . . . . . . . . . . . .

# REV PM-G7 SUMMIT-CANADA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિને કેનેડાના કનાનાસ્કિસમાં યોજાનારી
G-સાત શિખર સંમેલનમાં ભાગ લેશે. કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નેએ ગઈકાલે શ્રી મોદીને ફોન કરીને સંમેલનમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ શ્રી કાર્નેને તાજેતરની ચૂંટણીઓમાં તેમની જીત બદલ અભિનંદન આપ્યા હતા અને સંમેલનના આમંત્રણ બદલ આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કે, ભારત અને કેનેડા પરસ્પર આદર અને સહિયારા હિતોના આધારે નવા જોશ અને ઉત્સાહ સાથે કામ કરશે કારણ કે બંને દેશોના લોકો વચ્ચે ગાઢ સંબંધ છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ સંમેલન સમયે કેનેડાના પ્રધાનમંત્રીને મળવા માટે આતુર છે.

ઓટાવામાં પત્રકારો સાથે વાત કરતા કેનેડાના પ્રધાનમંત્રી કાર્નેએ કહ્યું કે G-સાત શિખર સંમેલન ખાસ કરીને ઉભરતા અને વિકાસશીલ દેશો વચ્ચે ભાગીદારી વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમણે કહ્યું કે ભારત વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. સંમેલનમાં તેની હાજરી મહત્વપૂર્ણ રહેશે અને વૈશ્વિક સપ્લાય ચેઇનમાં ભારતની મહત્વપૂર્ણ ભૂમિકા છે. G-સાત શિખર સંમેલન પંદર થી સત્તર જૂન દરમિયાન કેનેડાના આલ્બર્ટા પ્રાંતના કનાનાસ્કિસમાં યોજાશે.

. . . . . . . . . . . . . . .

# P. k  mishra – heat

પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ મિશ્રાએ ભારે ગરમીના જોખમનો સામનો કરવા માટે વૈશ્વિક સહયોગની હાકલ કરી.

પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી.કે. મિશ્રાએ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવના આહ્વાનને પુનરાવર્તિત કર્યું છે અને ભારે ગરમીને વૈશ્વિક કટોકટી તરીકે સંબોધવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે વધતા તાપમાન જાહેર આરોગ્ય, આર્થિક સ્થિરતા અને ઇકોસિસ્ટમ માટે પ્રણાલીગત જોખમો ઉભા કરી રહ્યું છે.

શુક્રવારે જીનીવામાં ભારે ગરમીના જોખમ વ્યવસ્થાપન પરના ખાસ સત્ર દરમિયાન જણાવ્યું હતું કે ભારતે ભારે ગરમીના જોખમ વ્યવસ્થાપન માટે સક્રિય અને દૂરંદેશી અભિગમ અપનાવ્યો છે. તેમણે માહિતી આપી કે ભારત આપત્તિ પ્રતિભાવથી આગળ વધીને સંકલિત તૈયારી અને વ્યૂહરચના તરફ આગળ વધ્યું છે.

ડૉ. મિશ્રાએ ભારે ગરમી સામે સ્થિતિસ્થાપક, સંકલિત અને સક્રિય વૈશ્વિક પ્રતિભાવ સુનિશ્ચિત કરવા માટે વૈશ્વિક ભાગીદારો સાથે તેની કુશળતા, તકનીકી ક્ષમતાઓ અને સંસ્થાકીય શક્તિઓ શેર કરવાની ભારતની સંપૂર્ણ પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી.

. . . . . . . . . . . . . . . .

## Chhattisgadh naksali

છત્તીસગઢના બીજાપુરમાં વધુ બે નક્સલીઓ માર્યા ગયા, મોટા પ્રમાણમાં હથિયારો જપ્ત કરાયા છે.

બીજાપુર જિલ્લાના ગીચ જંગલવાળા ઇન્દ્રાવતી રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારમાં ચાલી રહેલા ઓપરેશનના 30મા દિવસે શનિવારે સુરક્ષા દળોએ વધુ બે નક્સલીઓને ઠાર માર્યા છે. તેમની પાસેથી મોટા પ્રમાણમાં

**હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે. બીજાપુરના પોલીસ અધિક્ષક જિતેન્દ્ર યાદવે આ વાતની પુષ્ટિ કરી છે. રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારમાં હજુ પણ ઓપરેશન ચાલી રહ્યુ છે. ઉલ્લેખનીય છે કે અગાઉ, 21 મેના રોજ એક અથડામણ 27 નક્સલીઓ માર્યા ગયા હતા.**

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# WORLD BANK-POVERTY RATE

**ભારતે અત્યંત ગરીબી ઘટાડવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, જેમાં 2011-12 અને 2022-23 વચ્ચે 269 મિલિયન લોકો ગરીબીમાંથી બહાર નીકળી ગયા છે. વિશ્વ બેંકના તાજેતરના અહેવાલ અનુસાર, અત્યંત ગરીબીનો દર 2011-12 માં 27.1 ટકા હતો જે ઘટીને 2022-23 માં માત્ર 5.3 ટકા થઇ ગયો છે.**

2011-12 માં, ભારતમાં લગભગ 344.47 મિલિયન લોકો અત્યંત ગરીબીમાં જીવી રહ્યા હતા. 2022-23 સુધીમાં, તે સંખ્યા ઝડપથી ઘટીને 75.24 મિલિયન થઈ ગઈ. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, પશ્ચિમ બંગાળ અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં ગરીબોની સંખ્યા ઘટી છે. 2011-12માં આ રાજ્યો ભારતના અત્યંત ગરીબ લોકોના 65 ટકા હિસ્સો ધરાવતા હતા.

ગરીબીમાં ઘટાડો ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં વ્યાપક રહ્યો છે. ગ્રામીણ ગરીબી 18.4 ટકાથી ઘટીને 2.8 ટકા થઈ ગઈ છે, જ્યારે શહેરી ગરીબી 10.7 ટકાથી ઘટીને માત્ર 1.1 ટકા થઈ ગઈ છે.

ભાજપની આગેવાની હેઠળની NDA સરકારના 11 વર્ષ પૂર્ણ થતાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ PM આવાસ યોજના, PM ઉજ્જવલા યોજના, જન ધન યોજના અને આયુષ્માન ભારત જેવી યોજનાઓને કારણે ગરીબી દરમાં ઘટાડો થયો.

. . . . . . . . . . . . . . . .

# SHIVRAJ CHOUHAN-VISIT

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે મધ્યપ્રદેશના સિહોર જિલ્લાની એક દિવસની મુલાકાતે છે.

શ્રી ચૌહાણ આજે બપોરે સિહોર અને ઇચ્છાવરમાં અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે. તેઓ મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ સાથે 51 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું ભૂમિપૂજન પણ કરશે. ઇચ્છાવર ખાતે વિકસિત કૃષિ

સંકલ્પ અભિયાનને સંબોધિત કરવા ઉપરાંત, શ્રી ચૌહાણ સાંજે ભૌખેડીમાં કિસાન ચૌપાલ ખાતે ખેડૂતો સાથે વાતચીત કરશે.

. . . . . . . . . . . . . . . .

## DAY EID-UL-AZHA

બલિદાનનો તહેવાર ઈદ-ઉલ-અઝહા આજે દેશના વિવિધ ભાગોમાં ધાર્મિક ઉત્સાહ અને ઉલ્લાસ સાથે મનાવવામાં આવી રહ્યો છે. મુસ્લિમ બિરાદરોએ આજે સવારે ઈદગાહ અને મસ્જિદોમાં ઈદની નમાજ અદા કરી હતી.

બાદમાં તેઓએ પરસ્પર ઈદની શુભેચ્છાઓ પાઠવી હતી. દેશના પાટનગર દિલ્હીમાં જામા મસ્જિદ, ફતેહપુરી મસ્જિદ અને શાહી ઈદગાહ ખાતે વિશેષ બંદગી કરવામાં આવી હતી. વિશેષ નમાજ અદા કરાવનાર ઇમામોએ લોકોને શાંતિ અને સંવાદિતા જાળવવા અને ભાઈચારાની ભાવનાથી તહેવાર ઉજવવાની અપીલ કરી હતી.

ઈદ-ઉલ-અઝહા, હઝરત ઇબ્રાહિમના એકમાત્ર પુત્રના બલિદાનની યાદમાં મનાવાય છે. દેશના અન્ય ભાગોમાંથી પણ ઈદની મનાવાઇ રહી છે. આ પ્રસંગે સલામતીની ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . .

## PREZ-EID-UZ-ZUHA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને લોકસભા સ્પીકર ઓમ બિરલા સહિત અનેક મહાનુભાવોએ ઈદ ઉલ અઝહાની દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ પોતાના સંદેશમાં આ તહેવારને બલિદાન, શ્રદ્ધા અને માનવીય મૂલ્યોનું પ્રતીક ગણાવ્યો હતો. રાષ્ટ્રપતિએ કહ્યું કે આ તહેવાર સમાજમાં એકતા, પ્રેમ અને ભાઈચારોનો સંદેશ આપે છે. તેમણે બધાને એક સારા સમાજના નિર્માણ માટે સાથે મળીને કામ કરવા અનુરોધ કર્યો હતો.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પણ ઈદ ઉલ અઝહાના અવસર પર લોકોને શુભેચ્છા પાઠવી છે. તેમણે કામના કરી હતી કે આ શુભ દિવસ લોકોના જીવનમાં ખુશી, સમૃદ્ધિ અને સકારાત્મક અસર લાવે.

. . . . . . . . . . . . . . . .

# DAY. FRENCH OPEN

ફ્રેન્ચ ઓપન ટેનિસમાં, વિશ્વની નંબર એક આર્યના સબાલેન્કા આજે સાંજે મહિલા સિંગલ્સ ટાઇટલ મૂકાબલામાં વિશ્વની નંબર બે કોકો ગૌફ સામે ટકરાશે. મેચ ભારતીય સમય અનુસાર સાંજે છ વાગ્યે શરૂ થશે.

બેલારુસની સબાલેન્કાએ પોલેન્ડની ખેલાડી અને પાંચમી ક્રમાંકિત ઇગા સ્વિએટેકને 7-6,4-6,6-0 થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો, જ્યારે અમેરિકન ખેલાડી ગૌફે સેમિફાઇનલમાં ફ્રાન્સની બિન ક્રમાંકિત લોઈસ બોઇસનને 6-1,6-2 થી હરાવી હતી. પુરુષ સિંગલ્સમાં, વિશ્વ નંબર

એક જાનિક સિનર આવતીકાલે ફાઇનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝ સામે ટકરાશે.

સિનરે સેમિફાઇનલમાં નોવાક જોકોવિચને સીધા સેટમાં 6-4,7-5,7-6 (3) થી હરાવ્યો હતો. પોતાના દેશ માટે ફાઇનલમાં પોંહચનાર 22 વર્ષીય આ ઇટાલિયન ખેલાડી માટે આ એક સીમાચિહ્નરૂપ જીત હતી, સેમિફાઇનલ હરીફ લોરેન્ઝો મુસેટ્ટી ઈજાના કારણે નિવૃત્ત થયા બાદ અલકારાઝ ફાઇનલમાં પહોંચ્યો હતો.

. . . . . . . . . . . . . . .

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ભારે વરસાદની આગાહી કરી છે. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી સાત દિવસ સુધી પૂર્વોત્તર પ્રદેશમાં વરસાદની વરસવાની શક્યતા છે.

. . . . . . . . . . . . . . .